# પ્રાપ્તકર્તા અને સંભાળ રાખનારાઓ માટે ફેક્ટશીટ

## 18 વર્ષ અને તેનાથી વધુ પુખ્ત વ્યક્તિઓમાં કોરોનાવાયરસ રોગચાળો 2019 (COVID-19) ને રોકવા માટે આધુનિક કોવિડ -19 રસીના કટોકટીના ઉપયોગ માટે અધિકૃતિ (EUA)

**SARS-CoV-**2 દ્વારા થતા કોરોનાવાયરસ રોગ 2019 (**COVID-**19) ને રોકવા માટે તમને **Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) આપવામાં આવી રહી છે. આ ફેક્ટશીટમાં મોડર્ના **COVID-**19 રસીના જોખમો અને ફાયદાઓ સમજવામાં મદદ માટેની માહિતી આપવામાં આવી છે, જે કદાચ તમે પ્રાપ્ત કરી શકો છો કારણ કે હાલમાં કોવિડ -19 નો રોગચાળો છે.

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) એક રસી છે અને તે તમને **COVID-19** થતું અટકાવી શકે છે. **COVID-19** ને રોકવા માટે યુ.એસ. ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (**FDA**) માન્ય કોઈ રસી ઉપલબ્ધ નથી.

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) વિશેની માહિતી માટે આ ફેક્ટશીટ વાંચો. જો તમને કોઈ પ્રશ્નો હોય તો રસીકરણ પ્રદાતા સાથે વાત કરો. **Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) લેવી અથવા નહીં તે તમારી પસંદગી છે.

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) સ્નાયુમાં **1** મહિનાની અંતરે **2-**ડોઝની શ્રેણી તરીકે આપવામાં આવે છે.

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) દરેકને સુરક્ષા ન પણ આપી શકે.

આ ફેક્ટશીટ અપડેટ થઈ શકે છે. તાજેતરની ફેક્ટશીટ માટે, કૃપા કરીને નીચેની મુલાકાત લો

**www.modernatx.com/covid19vaccine-eua.**

## તમે આ રસી લો તે પહેલાં તમારે શું જાણવાની જરૂર છે

COVID-**19 શું છે**?

**COVID-**19 એ **SARS-CoV-**2 નામના કોરોનાવાયરસથી થતો રોગ છે. આ પ્રકારના કોરોનાવાયરસ આ પહેલાં જોવા મળ્યા નથી. તમે આ વાયરસ ધરાવતા અન્ય વ્યક્તિ સાથે સંપર્કમાં આવો ત્યારે તમને **COVID-**19 થઈ શકે છે. તે મુખ્યત્વે શ્વસન તંત્રની બિમારી છે જે અન્ય અવયવોને પણ અસર કરી શકે છે. **COVID-**19 ધરાવતા લોકોમાં ઘણાં લક્ષણો જોવા મળ્યાં છે, જેમાં હળવા લક્ષણોથી લઈને ગંભીર માંદગીના લક્ષણો હોય શકે છે. વાયરસના સંપર્કમાં આવ્યા પછી 2 થી 14 દિવસ પછી આ લક્ષણો દેખાઈ શકે છે. આ લક્ષણોમાં નીચે મુજબ શામેલ હોઈ શકે છે: તાવ અથવા શરદી; ઉધરસ; હાંફ ચઢવી; થાક; સ્નાયુ અથવા શરીરમાં દુખાવો; માથાનો દુખાવો; સ્વાદ અથવા ગંધનો અભાવ; ગળું સુકાઈ જવું; નાક બંધ અથવા વહેતું નાક; ઉબકા અથવા ઉલટી; ઝાડા

Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) શું છે**?

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) એ એક અસ્વીકૃત રસી છે જે **COVID-**19 ને અટકાવી શકે છે. **COVID-**19 ને રોકવા માટે **FDA** દ્વારા માન્ય કોઈપણ રસી ઉપલબ્ધ નથી.

**FDA** એ કટોકટીના ઉપયોગ માટે અધિકૃતિ **(EUA)** હેઠળ 18 વર્ષ અને તેથી વધુ ઉંમરના વ્યક્તિઓમાં **COVID-**19 ને રોકવા માટે મોડર્ના **COVID-**19 રસીનો કટોકટીના સમયે ઉપયોગ કરવાનો અધિકાર આપ્યો છે.

**EUA** વિશે વધુ માહિતી મેળવવા માટે, "**કટોકટીના ઉપયોગ માટે અધિકૃતિ** (EUA) **શું છે**?" તે આ ફેક્ટશીટના અંતના વિભાગમાં જુઓ.

**તમારે** Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) લેતા પહેલા તમારા રસીકરણ પ્રદાતાને શું જાણ કરવી જોઈએ**?

તમારા રસીકરણ પ્રદાતાને તમારી બધી તબીબી પરિસ્થિતિઓ વિશે કહો, જેમાં આ સામેલ છે:

- કોઈપણ એલર્જી છે
- તાવ આવે છે
- રક્તસ્રાવ વિકૃતિ હોય અથવા રક્ત પાતળું થતું હોય
- ઇમ્યુનોકોમપ્રોમિસ્ડ છો અથવા એવી દવા લો છો જે તમારી રોગપ્રતિકારક શક્તિને અસર કરે છે
- ગર્ભવતી છો અથવા ગર્ભવતી બનવાની યોજના ધરાવો છો
- સ્તનપાન કરાવો છો
- અન્ય બીજી કોઈ **COVID-**19 રસી લીધી છે

Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) કોણે લેવી જોઈએ**?

**FDA** એ 18 વર્ષ અને તેથી વધુ ઉંમરના વ્યક્તિઓમાં મોડર્ના **COVID-**19 રસીના કટોકટીના ઉપયોગને અધિકૃતતા આપી છે.

Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) કોણે ન લેવી જોઈએ**?

તમારે **Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) ન લેવી જોઈએ જો તમને:

- આ રસીના પહેલાના ડોઝ પછી તીવ્ર એલર્જીક પ્રતિક્રિયા થઈ હતી

• આ રસીના કોઈપણ ઘટકને લીધે ગંભીર એલર્જીક પ્રતિક્રિયા થઈ હતી

**મોડર્ના** COVID-**19 રસીમાં ક્યા ક્યા ઘટકો છે**?

મોડર્ના **COVID-**19 રસીમાં નીચે જણાવેલ ઘટકો સામેલ છે: મેસેંજર રિબોન્યુક્લેઇક એસિડ **(MRNA),** લિપિડ્સ (**SM**-102, પોલિઇથિલિન ગ્લાયકોલ [**PEG**] 2000 ડાયમાયરીસ્ટઇલ ગ્લિસરોલ [**DMG**]**,** કોલેસ્ટરોલ**,** અને 1,2-ડિસ્ટિરોયલ-સ્ન-ગ્લિસરો -3 -ફોસ્ફોચોલિન [**DSPC**]**),** ટ્રોમેટામિન**,** ટ્રોમેથામિન હાઇડ્રોક્લોરાઇડ**,** એસિટિક એસિડ**,** સોડિયમ એસિટેટ અને સુક્રોઝ.

Moderna COVID-**19** Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી**) **કેવી રીતે આપવામાં આવે છે**?

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) તમને સ્નાયુમાં ઇન્જેક્શન તરીકે આપવામાં આવશે.

મોડર્ના **COVID-**19 રસીના રસીકરણની શ્રેણી 1 મહિનાના અંતરે 2 ડોઝમાં આપવામાં આવે છે.

જો તમને મોડર્ના **COVID-**19 રસીનો એક ડોઝ પ્રાપ્ત થાય છે**,** તો તમારે રસીકરણ શ્રેણી પૂર્ણ કરવા માટે 1 મહિના પછી આ સમાન રસીનો બીજો ડોઝ પ્રાપ્ત કરવો જોઈએ.

**શું** Moderna COVID-**19** Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી**) **આ પહેલા ઉપયોગમાં લેવામાં આવી છે**?

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) એ અસ્વીકૃત રસી છે. તબીબી અજમાયશમાં**,** આશરે 15,400 વ્યક્તિઓએ 18 વર્ષ કે તેથી વધુ ઉંમરના લોકોને મોડર્ના **COVID-**19 રસીનો ઓછામાં ઓછો 1 ડોઝ આપવામાં આવ્યો છે.

**મોડર્ના** COVID-**19 રસીના ફાયદાઓ શું છે**?

ચાલુ તબીબી અજમાયશમાં**, Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) એ 1 મહિનાના અંતરે 2 ડોઝ આપવામાં આવે છે તો **COVID-**19 ને અટકાવે છે એવું દર્શાવે છે. **COVID-**19 સામે રક્ષણનો સમયગાળો હાલમાં અજ્ઞાત છે.

**મોડર્ના** COVID-**19 રસીના જોખમો શું છે**?

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) માટે જાણવામાં આવેલી આડઅસરોમાં આ શામેલ છે:

• ઇન્જેક્શનના સ્થળે પ્રતિક્રિયાઓ: ઈન્જેક્શન આપવામાં આવ્યું હોય તે હાથમાં લસિકા ગાંઠોમાં દુખાવો**,** કોમળતા અને સોજો**,** સોજો (કઠિનતા) અને લાલાશ.

• સામાન્ય આડઅસર: થાક, માથાનો દુખાવો, માંસપેશીઓમાં દુખાવો, સાંધાનો દુખાવો, શરદી, ઉબકા અને ઉલટી, અને તાવ.

એવી બહુ ઓછી શક્યતા છે કે **Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) ગંભીર એલર્જીક પ્રતિક્રિયા પેદા કરી શકે છે. કોઈપણ ગંભીર એલર્જીક પ્રતિક્રિયા સામાન્ય રીતે મોડર્ના **COVID**-19 રસીનો ડોઝ પ્રાપ્ત કર્યા પછી થોડીવારથી લઈને એક કલાકની અંદર થાય છે. આ કારણોસર, તમારા રસીકરણ પ્રદાતા તમને રસીકરણ પછી તમારા પર દેખરેખ રાખવા માટે તમારી રસી પ્રાપ્ત કરો છો તે સ્થળે રોકાવા માટે કહી શકે છે. ગંભીર એલર્જીક પ્રતિક્રિયાના ચિન્હોમાં આ શામેલ હોઈ શકે છે:

• શ્વાસ લેવામાં તકલીફ

• તમારા ચહેરા અને ગળામાં સોજો

• ઝડપી ધબકારા

• તમારા સમગ્ર શરીરમાં વધુ ફોલ્લીઓ

• ચક્કર અને નબળાઇ

આ મોડર્ના **COVID**-19 રસીની બધી સંભવિત આડઅસર હોઈ શકે નહીં. ગંભીર અને અણધારી આડઅસર થઈ શકે છે. મોડર્ના **COVID**-19 રસીનો હજી પણ તબીબી અજમાયશમાં અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

**આડઅસર થાય તો મારે શું કરવું જોઈએ?**

જો તમને કોઈ ગંભીર એલર્જીક પ્રતિક્રિયા થઈ હોય, તો 9-1-1 પર કોલ કરો અથવા નજીકની હોસ્પિટલમાં જાઓ.

જો તમને કોઈ આડઅસર હોય જે તમારા માટે ચિંતા ઊભી કરે અથવા દૂર ન થાય તો રસીકરણ પ્રદાતા અથવા તમારા આરોગ્યસંભાળ પ્રદાતાને કોલ કરો.

રસીની આડઅસરોની જાણ **FDA/CDC Vaccine Adverse Event Reporting System (VAERS)** ને કરો. **VAERS** ના ટોલ-ફ્રી નંબર 1-800-822-7967 છે અથવા **https://vaers.hhs.gov/reportevent.html** પર ઓનલાઇન રિપોર્ટ કરો. કૃપા કરીને રિપોર્ટ ફોર્મના **#**18 નંબરના બોક્સની પ્રથમ લાઇનમાં "**Moderna COVID**-19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) **EUA**" લખો.

આ ઉપરાંત, તમે **ModernaTX, Inc.** ને 1-866-**MODERNA (**1-866-663-3762) પર આડઅસરોની જાણ કરી શકો છો.

તમને **v-safe** માં નોંધણી કરવાનો વિકલ્પ પણ આપવામાં આવી શકે છે. **v-safe** એ એક નવું સ્વૈચ્છિક સ્માર્ટફોન-આધારિત ટૂલ છે અને જેઓને **COVID**-19 રસીકરણ પછી સંભવિત આડઅસરોને ઓળખવા માટે રસી આપવામાં આવી હોય તેવા લોકોની તપાસ માટે ટેક્સ્ટ મેસેજિંગ અને વેબ સર્વેક્ષણોનો ઉપયોગ કરે છે. **v-safe** એવા પ્રશ્નો પૂછે છે જે **CDC** ને **COVID**-19 રસીઓની સલામતી માટેની દેખરેખ રાખવામાં મદદ કરે છે. જો જરૂરી હોય તો **v-safe** બીજા ડોઝ માટે રીમાઇન્ડર્સ આપે છે અને જો સહભાગીઓ **COVID**-19 રસીકરણ બાદ આરોગ્ય પર નોંધપાત્ર અસરની જાણ કરે છે તો **CDC** દ્વારા લાઇવ ટેલિફોન ફોલો-અપ પણ પૂરી પાડે છે. તેમાં કેવી રીતે સાઇન અપ કરવું તે વિશે વધુ માહિતી માટે, અહીં મુલાકાત લો: [www.cdc.gov/vsafe](http://www.cdc.gov/vsafe)**.**

**જો હું** Moderna COVID-**19** Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) ન લેવાનું નક્કી કરું તો શું થશે**?

**Moderna COVID-**19 **Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) લેવી કે ન લેવી તે તમારી પસંદગી છે. જો તમે તે ન લેવાનું નક્કી કરો છો, તો તે તમારી માનક તબીબી સંભાળ પર અસર કરશે નહીં.

**શું** COVID-**19 ને રોકવા માટે** Moderna COVID-**19** Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) સિવાય બીજી અન્ય પસંદગીઓ ઉપલબ્ધ છે**?

હાલમાં**, COVID**-19 ને અટકાવવા માટે **FDA**-માન્યતા પ્રાપ્ત કોઈપણ વૈકલ્પિક રસી ઉપલબ્ધ નથી. **COVID**-19 ને રોકવા માટેની અન્ય રસીઓ કટોકટીના ઉપયોગ માટે અધિકૃતતા હેઠળ ઉપલબ્ધ હોઈ શકે છે.

**શું હું અન્ય કોઈ રસીઓ સાથે** Moderna COVID-**19** Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) પ્રાપ્ત કરી શકું?**

અન્ય રસીઓ સાથે મોડર્ના **COVID**-19 રસીના ઉપયોગ વિશે કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

**જો હું ગર્ભવતી છું અથવા સ્તનપાન કરાવું છું તો**?

જો તમે સગર્ભા હો અથવા સ્તનપાન કરાવતા હો, તો તમારા આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે તમારા વિકલ્પો અંગે ચર્ચા કરો.

Moderna COVID-**19** Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) દ્વારા મને** COVID-**19 રોગ થઈ શકે**?

ના, મોડર્ના **COVID**-19 રસીમાં **SARS-CoV**-2 શામેલ નથી અને તેનાથી તમને **COVID**-19 થઈ શકશે નહીં.

**તમારું રસીકરણ કાર્ડ સાથે રાખો**

જ્યારે તમે તમારો પ્રથમ ડોઝ પ્રાપ્ત કરો છો, ત્યારે તમને મોડર્ના **COVID**-19 રસીનો બીજો ડોઝ ક્યારે પ્રાપ્ત કરવો જોઈએ તે બતાવવા માટે તમને રસીકરણ કાર્ડ મળશે. પાછા આવો ત્યારે તમારું કાર્ડ સાથે લાવવાનું યાદ રાખો.

**વધારાની માહિતી**

જો તમને કોઈ પ્રશ્નો હોય, તો વેબસાઇટની મુલાકાત લો અથવા નીચે આપેલા ટેલિફોન નંબર પર કોલ કરો.

સૌથી તાજેતરની ફેક્ટશીટ્સ એક્સેસ કરવા માટે, કૃપા કરીને નીચે આપેલા **QR** કોડને સ્કેન કરો.

| Moderna COVID-19 રસી વેબસાઇટ | ટેલિફોન નંબર |
|---|---|
| www.modernatx.com/covid19vaccine-eua | **1-866-MODERNA (1-866-663-3762)** |

**હું વધુ માહિતી કેવી રીતે મેળવી શકું?**

- રસીકરણ પ્રદાતાને પૂછો
- **https://www.cdc.gov/coronavirus/**2019-**ncov/index.html** પર **CDC** ની મુલાકાત લો
- **https://www.fda.gov/emergency-preparedness-and-response/mcm-legal- regulatory-and-policy-framework/emergency-use-authorization** પર **FDA** ની મુલાકાત લો
- તમારા રાજ્ય અથવા સ્થાનિક જાહેર આરોગ્ય વિભાગનો સંપર્ક કરો

**મારી રસીકરણ માહિતી ક્યાં રેકોર્ડ કરવામાં આવશે?**

રસીકરણ પ્રદાતા તમારી રસીકરણ માહિતી તમારા રાજ્ય / સ્થાનિક અધિકારક્ષેત્રની રોગપ્રતિરક્ષા માહિતી સિસ્ટમ (**IIS**) અથવા અન્ય નિયુક્ત સિસ્ટમમાં રેકોર્ડ કરી શકે છે. તે એ સુનિશ્ચિત કરશે કે જ્યારે તમે બીજા ડોઝ માટે પાછા આવશો ત્યારે તમને આ સમાન રસી પ્રાપ્ત થાય છે. **IISs** વિશે વધુ માહિતી માટે, અહીં મુલાકાત લો: **https://www.cdc.gov/vaccines/program/iis/about.html.**

**જો ઇજા થાય તો તેની વળતરની યોજના શું છે?**

કાઉન્ટરમેઝર્સ ઇન્જરી કમ્પેન્સેશન પ્રોગ્રામ (**CICP**) એ એક સંઘીય કાર્યક્રમ છે જે તબીબી સંભાળ અને કેટલાક અન્ય ચોક્કસ ખર્ચ માટે ચૂકવણી કરવામાં મદદ કરી શકે છે જે લોકોને આ રસી સહિત, અમુક

દવાઓ અથવા રસીથી ગંભીર રીતે ઇજા થઈ હોય. સામાન્ય રીતે, રસી મેળવવાની તારીખથી એક (1) વર્ષની અંદર **CICP** ને દાવાની રજૂઆત કરવી આવશ્યક છે. આ પ્રોગ્રામ વિશે વધુ જાણવા માટે, **www.hrsa.gov/cicp/** ની મુલાકાત લો અથવા 1-855-266-2427 પર કોલ કરો.

**કટોકટીના ઉપયોગ માટે અધિકૃતિ** (EUA) **શું છે**?

યુનાઇટેડ સ્ટેટ્સના **FDA** એ કટોકટીના ઉપયોગ માટે અધિકૃતિ **(EUA)** કટોકટી મિકેનિઝમ હેઠળ **Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) ઉપલબ્ધ કરી છે. આરોગ્ય અને માનવ સેવા સચિવ **(HHS)** ની ઘોષણા દ્વારા **EUA** ને સમર્થન મળ્યું ટેકો છે કે **COVID-19** રોગચાળા દરમિયાન દવાઓ અને જૈવિક ઉત્પાદનોનો કટોકટીના સમયે ન્યાયિક રીતે ઉપયોગ કરવા જેવા સંજોગો અસ્તિત્વમાં છે.

**Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) એ **FDA-** માન્યતા અથવા મંજૂર કરેલા ઉત્પાદનની સમાન સમીક્ષા પૂર્ણ કરી નથી. **FDA** ત્યારે **EUA** જાહેર કરી શકે છે જ્યારે અમુક ચોક્કસ માપદંડ પૂરા થાય છે, અને જ્યારે પૂરતા, અથવા માન્ય અને ઉપલબ્ધ વિકલ્પો નથી. આ ઉપરાંત, **FDA** નો નિર્ણય એવા ઉપલબ્ધ વૈજ્ઞાનિક પુરાવાઓની સંપૂર્ણતા પર આધારિત હોય છે જે દર્શાવે છે કે કોઈપણ ઉત્પાદન **COVID-19** રોગચાળા દરમિયાન **COVID-19** ને રોકવા માટે અસરકારક હોઈ શકે છે અને તે ઉત્પાદનના જાણીતા અને સંભવિત ફાયદા એ ઉત્પાદનના જાણીતા અને સંભવિત જોખમો કરતાં વધુ હોય છે. **COVID-19** રોગચાળા દરમિયાન આવા ઉત્પાદનનો ઉપયોગ કરવા દેવા માટે આ તમામ માપદંડોનું પાલન કરવું આવશ્યક છે.

**Moderna COVID-19 Vaccine (**મોડર્ના કોવિડ-19 રસી) માટેનો **EUA** એ આ **COVID-19 EUA** ઘોષણાના સમયગાળા માટે, આ ઉત્પાદનોના કટોકટી ઉપયોગને ન્યાયી ઠેરવ્યા સિવાય, અને તેને સમાપ્ત અથવા રદ કરવામાં નહીં આવે ત્યાં સુધી અસરકારક છે. (ત્યારબાદ ઉત્પાદનો હવે ઉપયોગમાં લેવામાં આવશે નહીં).

**©2020 ModernaTX, Inc. All rights reserved.**
**Patent(s): www.modernatx.com/patents**
સંશોધિત**: 12/2020**

ઈલેક્ટ્રોનિક મીડિકલ રેકોર્ડ્સ/ઈમ્યુનાઈઝેશન માહિતી વ્યવસ્થા માટે વેક્સિન મેળવનારને આ ફેક્ટ શીટ પૂરી પાડવામાં આવી તે કેપ્ચર કરવા સ્કેન કરો.

બારકોડ તારીખ : 12/2020